* J H - 9 0 1 *

# JH-901

Seat No. ________

## M. A. (Sem. IV) Examination

**April - 2022**

## CC-401 : Gujarati

### (ગુજરાતી વિવેચન પરંપરા)

*(New Course)*

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ પ્રશ્નની સામે આપ્યા છે.

1 ગુજરાતી વિવેચન પરંપરાનો સંક્ષિપ્તમાં પરિચય આપો. 18

**અથવા**

1 વિવેચનની સંજ્ઞા અને વિભાવના ચર્ચો. 18

2 સુધારક યુગની વિવેચન પ્રવૃત્તિની ચર્ચા કરો. 17

**અથવા**

2 ગાંધી યુગના મુખ્ય મુખ્ય વિવેચકોની વિવેચન પ્રવૃત્તિની ચર્ચા કરો. 17

3 અનુગાંધીયુગની વિવેચન પ્રવૃત્તિનો ચિતાર આપો. 18

**અથવા**

3 આધુનિક યુગના મુખ્ય મુખ્ય વિવેચકોની વિવેચન પ્રવૃત્તિ ચર્ચો. 18

4 ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) 17

(1) નવલરામનું વિવેચન

(2) સુરેશ જોષીનું કથાવિવેચન

(3) વિશ્વનાથ મ. ભટ્ટનું વિવેચન

(4) નરસિંહરાવ દિવેટિયાની વિવેચનપ્રવૃત્તિ

---

* J H - 9 0 2 *

# JH-902

Seat No.________

## M. A. (Sem. IV) Examination

**April - 2022**

## Gujarati : CC-402

*(વિશ્વ સાહિત્ય)*

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**1** 'સિદ્ધાર્થ'ને લઘુનવલ તરીકે મૂલવો. **18**

**અથવા**

**1** " 'સિદ્ધાર્થ'માં બ્રાહ્મણ સંસ્કૃતિ, શ્રમણ સંસ્કૃતિ અને સવિશેષ બૌદ્ધ વિચારધારાનો પ્રભાવ છે." - આ વિધાન સદૃષ્ટાંત ચર્ચો. **18**

**2** નોંધ લખો : (ગમે તે બે) **17**

(1) 'સિદ્ધાર્થ'માં કમલાનું જીવન પરિવર્તન.

(2) 'સિદ્ધાર્થ'નો આરંભ અને અંત.

(3) 'સિદ્ધાર્થ'માં સિદ્ધાર્થની શોધયાત્રા.

(4) 'સિદ્ધાર્થ'ની ભાષાશૈલી.

**3** 'આગન્તુકા'માં રહેલી વાર્તાઓની રસલક્ષી સમીક્ષા કરો. **18**

**અથવા**

3 નીચેની વાર્તાઓમાંથી ગમે તે એક વાર્તાનું મૂલ્યાંકન કરો. 18

(1) ‘યુદ્ધ’

(2) ‘ગુણવત્તાની જ વાત’

(3) ‘કાબુલીવાલા’

4 નીચેનામાંથી ગમે તે **બે** વિશે નોંધ લખો : 17

(1) ‘શ્રી બિન્નેની બપોર’માં કરુણતા.

(2) મિસ ઍમિનીનું પાત્રાલેખન.

(3) ‘વરસાદમાં એક બિલાડી’નું વિષયવસ્તુ.

(4) ‘સાપ’માં વાસનાની અભિવ્યક્તિ.

JH-903 Seat No.________

# M. A. (Sem. IV) Examination

April - 2022

## Gujarati : CC-403

**(ગુજરાતી ભાષાનું અધ્યયન)**

**(New Course)**

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ પ્રશ્નની સામે આપ્યા મુજબ છે.

1 પ્રાચીન ભારતીય આર્યથી પ્રાકૃત-અપભ્રંશ સુધી આવતાં થયેલાં મહત્ત્વનાં ધ્વનિ પરિવર્તનોની ચર્ચા કરો. 18

**અથવા**

1 અપભ્રંશથી જૂની ગુજરાતીમાં આવતાં થયેલાં મહત્ત્વનાં ધ્વનિ અને વ્યાકરણી પરિવર્તનો ચર્ચો. 18

2 ગમે તે **બે** ટૂંકનોંધ લખો : 17

(1) ગુજરાતીના માન્ય સ્વરો.

(2) ગુજરાતી ભાષાના અનુનાસિકો.

(3) અલ્પપ્રાણ-મહાપ્રાણ સ્પર્શ વ્યંજનો.

(4) ગુજરાતી ભાષાના અર્ધસ્વરો.

3 હેમચંદ્રાચાર્યના ભાષા અધ્યયનક્ષેત્રે પ્રદાનની ચર્ચા કરો. 18

**અથવા**

3 ડૉ. પ્રબોધ પંડિતના ભાષાવિજ્ઞાનક્ષેત્રે કરેલા પ્રદાનને મૂલવો. 18

4 ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) 17

(1) ગુજરાતની બોલીઓ

(2) વાક્યમાં પદક્રમ

(3) ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ

(4) ગુજરાતી ભાષાની વચન અને લિંગના સંદર્ભે લાક્ષણિકતા.

JH-904 Seat No.________

# M. A. (Sem. IV) Examination

May - 2022

## CC-404 : Gujarati

**(ભાષા અને સાહિત્ય કૌશલ)**

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

1 નીચેનામાંથી કોઈ પણ **એક** વિશે નિબંધ લખો : **18**

(1) સામાજિક દૂષણો અને યુવાનોનું કર્તવ્ય.

(2) ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીના ફાયદા.

(3) શું યુદ્ધ એ જ કલ્યાણ ?

**અથવા**

1 નીચેનામાંથી કોઈ પણ **એક** વિશે નિબંધ લખો : **18**

(1) માતૃભાષાનું મહત્વ.

(2) સાહિત્ય અને સંસ્કૃતિ.

(3) કલાવિહિન નર પશુ સમાન.

2 નીચેની કાવ્યકૃતિનું રસલક્ષી મૂલ્યાંકન કરો : **17**

ધારો કે એક સાંજ આપણે મળ્યાં,
અને આપણે હળ્યાં;
પણ આખા આયખાનું શું ?
ખુલ્લી આ આંખ અને કોરી કિતાબ
ને ફરી ફરી કેમ કરી વાંચશું ?
માનો કે હોઠ સ્હેજ મ્હોરી ઊઠ્યાં,
ને છાતીમાં મેઘધનુષ ફોરી ઊઠ્યાં :

પણ બળબળતી રેખાનું શું ?
આકાશે આમ ક્યાંક ઝૂકી લીધું
ને ફૂલોને 'કેમ છો ?' પૂછી લીધું -
પણ મૂંગી આ વેદનાનું શું ?
માનો કે આપણે ખાધું-પીધું અને
માનો કે રાજ ! થોડું કીધું યે રાજ -
પણ ઝૂરતા આ ઓરતાનું શું ?
ધારો કે રાણી ! તમે જીતી ગયાં અને
ધારો કે વાયરા વીતી ગયાં;
પણ આ માંડેલી વારતાનું શું ?

- જગદીશ જોશી

**અથવા**

2 અરણ્ય, જન જ્યાં અરણ્ય પશુ હિંસ્ર શા ઘૂમતાં; 17
શિલા શત, સિમેન્ટ, કાચ વળી કાંકરેટ રચ્યું;
ધરાતલ પરે ન ઇંદ્રધનુ લોહનું હો લચ્યુ !
વનસ્પતિ નહીં, ન વેલ, નહિ વૃક્ષ જ્યાં ઝૂમતાં;
વિહંગ નહિ, રેડિયો ટહુકતો પૂરે વોલ્યૂમે;
નહીં ઝરણ, શી સરે સડક સ્નિગ્ધ આસ્ફાલ્ટની;
ન પ્રેત, પણ આ ઇમારત વિચિત્ર કૈં ઘાટની;
પરીગણ ન, ટ્રામકાર દિનરાત અહીંતહીં ઘૂમે;
સર્યા અતલથી નર્યા સજડ આમ થીજ્યા, ઠર્યા
અહીં નરક નીકળ્યા મલિન ઉષ્ણ નિઃશ્વાસ ? કે
કદીક નિજ સ્વપ્નબીજ અહીં વાવિયાં રાક્ષસે
વિશાલ પરિપક્વ આ સ્વરૂપમાં શું ફાલ્યાં, ફળ્યાં ?
અરણ્ય ? છલ આ રહસ્ય ? ભ્રમણે અટૂલો ચડ્યો
પુરંદર સ્વયં અહીં નહિ શું હોય ભૂલો પડ્યો ?

- નિરંજન ભગત

3 નીચેની કાવ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો : (ગમે તે **બે**) **18**

(1) ત્રણ વાના મુજને મળ્યાં, હૈયું, મસ્તક, હાથ;
બહુ દઈ દીધું નાથ, જા ચોથું નથી માંગવું.

(2) હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જેમ શ્વાન તાણે.

(3) સૌંદર્ય વેડફી દેતાં, ના ના સુંદરતા મળે,
સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે.

(4) વર્ષા સમ વારિ નહીં, પ્રેમ સમો નહીં ત્યાગ,
વેણ સમી ચિનગારી નહીં, વિરહ સમી નહીં આગ.

**અથવા**

3 નીચેની ગદ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો : (ગમે તે **બે**) **18**

(1) કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.

(2) આપણું વાચન એ જ આપણાં જીવનનું સાચું પ્રતિબિંબ છે.

(3) આચાર એ જ પ્રચારનું શ્રેષ્ઠ સાધન છે.

(4) નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન.

4 નીચેની ત્રણમાંથી ગમે તે એક સાહિત્યકૃતિનું અવલોકન કરો : **17**

(1) 'ફૂલની ચરી'

(2) 'નવનિધિ'

(3) 'તરસ્યા મલકનો મેઘ'

---

* J H - 9 0 5 - 9 0 6 *

# JH-905-906

Seat No.________

## M. A. (Sem. IV) Examination

**April / May - 2022**

## Gujarati : ID-405(A) & C-405

*(New Course)*

## (1) ID-405(A) : લોકસાહિત્યના સંશોધકો-સંપાદકોનો અભ્યાસ
## (2) C-405 : સાહિત્ય અને ઈતિહાસ - ગુજરાતી

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

## (1) ID-405(A) : લોકસાહિત્યના સંશોધકો-સંપાદકોનો અભ્યાસ

**સૂચના :** પ્રશ્નપત્રની જમણી બાજુએ દર્શાવેલાં અંક જે-તે પ્રશ્નના કુલ ગુણ સૂચવે છે.

**1** લોકસાહિત્યના સંશોધક તરીકે ઝવેરચંદ મેઘાણીના પ્રદાનને મૂલવો. **18**

**અથવા**

**1** પુષ્કર ચંદરવાકરનું લોકસાહિત્ય સંશોધનક્ષેત્રે પ્રદાન જણાવો. **18**

**2** લોકસાહિત્યના સંશોધનક્ષેત્રે કોઈ **એક**નું પ્રદાન જણાવો : **17**

(1) ભગવાનદાસ પટેલ (2) જયાનંદ દોશી (3) રેવાબેન તડવી

**3** લોકસાહિત્યના સંશોધન-સંપાદનક્ષેત્રે જયંતિલાલ દવેનું પ્રદાન જણાવો. **18**

**અથવા**

**3** પ્રેમજી પટેલનું લોકસાહિત્યના સંશોધન-સંપાદનક્ષેત્રે પ્રદાન જણાવો. **18**

**4** લોકસાહિત્યના સમીક્ષક તરીકે કોઈ **એક**નું પ્રદાન જણાવો : **17**

(1) કનુભાઈ જાની

(2) હસુ યાજ્ઞિક

(3) બળવંત જાની

## (2) C-405 : સાહિત્ય અને ઈતિહાસ - ગુજરાતી

1 ઈતિહાસનું સ્વરૂપ અને પ્રયોજન જણાવો. 17

**અથવા**

1 સાહિત્યનું સ્વરૂપ અને પ્રયોજન ચર્ચો. 17

2 'લાંછન'નું ઐતિહાસિક નવલકથા તરીકે મૂલ્યાંકન કરો. 18

**અથવા**

2 'લાંછન'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. 18

3 'જય સોમનાથ'નું એક નવલકથા તરીકે મૂલ્યાંકન કરો. 17

**અથવા**

3 'જય સોમનાથ'નું ઐતિહાસિક નવલકથા તરીકે મૂલ્યાંકન કરો. 17

4 ગમે તે બે ટૂંકનોંધ લખો : 18

(1) સાહિત્ય અને ઈતિહાસના આંતર સંબંધો.

(2) 'જય સોમનાથ'માં વાતાવરણ.

(3) 'લાંછન'નો આરંભ-અંત.

(4) 'લાંછન'માં પાત્રનિરૂપણકલા.

---